Registration No.: WC-NFATAL-L/8/2010
Filing No.: WC-NFATAL-L/8/2010
Filed On: 01/06/2010
Registered On : 01/06/2010
Decided on : 19/09/2015
Duration: dd/mm/yy

**IN THE COMMISSIONER FOR WORKMENCOMTENSATION ACT AT JAMNAGAR 1**

W.C. Application Non Fatal NO. 8 OF 2010.

WC-NFATAL-L/8/2010 Exh.

**Applicant :**

**1.** Husenbhai mamadbhai sidi
khafi hotel unni kandori daymond studio kishanchok
Jmangar

**VERSUS**

**Opponent :**

1. Jamnagar travels pvt ltd.
gurudwar road indira marg
Jamangar

Appearance:
D M KAVAIYA For Applicant 1
No Advocate For Opponent

---

વિષય : વર્કમેન કોમ્પેન્શેસન એકટ મુજબ વળતરની રકમ રૂ.૧,૭૬,૮૦૩/–તથા વ્યાજ પેનલ્ટી મળવા અંગે

## JUDGEMENT

(૧) અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદાર સામાવાળાને ત્યાં દેનિક રૂ.૧૫૦/– લેખે કલીનર તરીકે તેમની બસનં.જી.જે.૧૧.૭૮(૨૪૨૪)માં ફરજ બજાવતાં હતાં. તે રીતે અરજદાર અને સામાવાળા વચ્ચે કામદાર–માલિકના સંબંધો ઉત્પન્ન થયેલ. વધુમાં તેવું જણાવેલ છે કે, અરજદાર સામાવાળાની સુચના મુજબ જામનગર–અમદાવાદની બસમાં તા. ૦૯/૦૨/૧૦ ના રોજ ફરજ પર હતા ત્યારે ચાલુ બસે દરવાજા પાસે ઉભા હતા તે દરમ્યાન અકસ્માતે દરવાજાથી બહાર ફંગોળાઇ જતાં શરીરના ભાગે ગંભીર ઈજા થયેલ જેમાં જાબા હાથમાં ફેકચર થયેલ તેમજ જમણાં પગનો એક અંગુઠો તથા આંગળી કપાઇ ગયેલ જેથી તે અંગે વાડીલાલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરેલ અને ત્યારબાદ વધુ સારવાર માટે જી.જી.હોસ્પિટલમાં લઇ ગયેલા. આમ

આ બનાવ ફરજ દરમ્યાન અને ફરજના ભાગરૂપે બનેલ હોઇ જેથી વર્કમેન કોમ્પેનશેસન એકટ મુજબ વળતર, વ્યાજ તથા પેન્લ્ટી મેળવવા હક્કદાર છે. બનાવ સમયે તેઓ ૪૦ વર્ષના હતા અને રોજના રૂ.૧૫૦–ચુકવતા હોઇ તેમજ તેમને ૪૦ ટકા ખોડ આવેલ હોઇ તેથી રૂ.૧,૭૬,૮૦૩– વળતર મેળવવા હક્કદાર છે જેથી તે વળતરની રકમ પર ૧૨ ટકા વ્યાજ તેમજ ૫૦ ટકા પેનલ્ટી ચુકવી આપે તેવી દાદ માંગેલ છે.

(૨) સામાવાળાઓને નોટીસ કાઢતાં તે બજી જતાં હાજર થઇ જવાબ આપેલ નથી જેથી જવાબનો હક્ક બંધ કરેલ છે.

(૩) અરજદાર તરફે અરજીની હકીકત પુરવાર કરવા સારૂ આંક:૧૦ થી હુસૈનભાઇ મામદભાઇ સાટીને તપાસેલ છે. અને માર્ક–૪/૧ થી સારવારના કેસપેપર્સ, માર્ક–૪/૨ થી સારવારના પેપર્સ, માર્ક–૪/૩ થી અરજનદારને એમ્યુટેશન કન્સર્ટની કોપી, માર્ક–૪/૪ થી નોટિસની કોપી, માર્ક–૪/૫ થી એકનોલેજમેન્ટની કોપી,અને માર્ક–૭/૧ થી ડૉ.કે.એચ.સોજીત્રાના પ્રમાણપત્રની કોપીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. અને આંક:૧૬ થી પુરાવો બંધ કર્યાની પુરસીસ આપેલ છે.

(૩/૧)સામાવાળા તરફે કોઇજ પુરાવો રજુ થયેલ નથી. આથી સામાવાળાના પુરાવાનો હક્ક બંધ કરેલ છે.

(૪) અરજદાર તરફે આંક: ૧૭ ની લેખિત દલીલો વંચાણે લીધી.

(૪/૧) જયારે સામાવાળા હાજર ન હોઇ તેથી દલીલોનો હક્ક બંધ કરેલ છે.

(૫) અરજદારના પ્લીડીંગ્સને ધ્યાને લેતાં મારા પુરોગામી કમિશ્નરશ્રીએ આંક : ૮ થી મુદ્દા ઘડેલ છે જે નીચે મુજબ છે.

(૧) શું અરજદાર હુસૈનભાઇ મામદભાઇ સાટી સામાવાળા કંપની/સંસ્થાના કામદાર વળતર ધારાની જોગવાઇ મુજબ કામદાર હતા?

(૨) શું અરજદારને થયેલી ઇજાઓ સામાવાળા કંપની/સંસ્થાની ફરજ દરમ્યાન અને નોકરીના સમયમાં અકસ્માતના કારણે થયેલ છે.?

(૩) શું અરજદારને કાયમી ખોડ આવેલ છે?

(૪) અરજદારની દૈનિક/માસિક આવક શું હતી?

(૫) અકસ્માત વખતે અરજદારની ઉંમર શું હતી?

(૬) શું અરજદાર કાયમી ખોડને હિસાબે વળતરની રકમ મેળવવા હક્કદાર છે.? જો હા, તો કેટલી રકમ?

(૭) શું અરજદાર વ્યાજ અને દંડની રકમ મેળવવા હક્કદાર છે? જો હા, તો કેટલી રકમ?

(૮) આખરી શો હુકમ?

(૬) ઉપરોકત મુદાઓના નિર્ણયો કારણ સહીત નીચે પમાણે છે.

(૧) હકારમાં.

(૨) હકારમાં.

(૩) હકારમાં. ૪૦%

(૪) હકારમાં. ઉં.વ. ૪૦ વર્ષ., માસિક રૂ. ૪૦૦૦/-

(૫) હકારમાં.

(૬) હકારમાં.

(૭) હકારમાં

(૮) આખરી હુકમ મુજબ.

**-: કા ર ણો :-**

(૭) **<u>મુદ્દા નં.૧ થી ૫</u> :-** મુદ્દા નં.૧ થી ૫ અરસપરસ સંકળાયેલ હોઇ તેથી પુરાવાઓનુ મુલ્યાંકન કરવામાં સરળતા રહે તેથી એકબીજા સાથે સંયુકત ચર્ચા કરેલ છે.

અરજદારનો કેસ જોતાં તેઓ સામાવાળાને ત્યાં દૈનિક રૂ.૧૫૦/-લેખે કલીનર તરીકે તેમની બસનં.જી.જે.૧૧.૭૮(૨૪૨૪)માં ફરજ બજાવતાં હતાં. અને અરજદાર સામાવાળાની સુચના મુજબ જામનગર-અમદાવાદની બસમાં તા.૦૯/૦૨/૧૦ ના રોજ ફરજ પર હતા ત્યારે ચાલુ બસે દરવાજા પાસે ઉભા હતા તે દરમ્યાન અકસ્માતે દરવાજાથી બહાર ફંગોળાઇ જતાં શરીરના ભાગે ગંભીર ઇજા થયેલ જેમાં ડાબા હાથમાં ફ્રેકચર થયેલ તેમજ જમણાં પગનો એક અંગુઠો તથા આંગળી કપાઇ ગયેલ જેથી તે અંગે વાડીલાલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરેલ અને ત્યારબાદ વધુ સારવાર માટે જી.જી.હોસ્પિટલમાં લઇ ગયેલા.જે હકીકત પુરવાર કરવા સારૂ આંક:૧૦ થી હુસૈનભાઇ મામદભાઇ સાટીને તપાસેલ છે. આ શાહેદનો પુરાવો જોતાં, આંક.૧ ની હકીકતોને અનરૂપ આપેલ છે.આ શાહેદની કોઇજ ઉલટતપાસ થયેલ નથી. આથી સામાવાળાએ કોઇ હકીકત ચેલેન્જ કરેલ ન હોઇ તે હકીકત ન માનવાને કોઇ કારણ નથી. આથી અરજદાર અને સામાવાળા વચ્ચે માલિક-કામદારના સંબંધો હોવાનું સીધુંજ પુરવાર થાય છે. વધુમાં આ કામે અરજદારને જે અકસ્માત થયેલ તે હકીકત જોતાં, તેજ દિવસે વાડીલાલ હોસ્પિટલમાં સારવાર લીધેલ છે. જે સારવારના કેસપેપર્સથી પણ સમર્થન મળે છે. જેથી કરીને અરજદારને જે અકસ્માત થયેલ તે ફરજ દરમ્યાન અને ફરજમાંથી નિપજેલ હોવાનું સીધુંજ પુરવાર થાય છે. જેથી મુદ્દાનં.૧ અને ૨ હકારમાં હોવાનું ઠરાવવામાં આવે છે.

આ બનાવમાં અરજદારનો પુરાવો જોતાં, તેઓને અકસ્માત થયાં કાયમી ખોડ આવેલ

હોવાનું જણાવેલ છે પરંતુ તે અંગે કોઇ નિષ્ણાત તબીબને તપાસેલ નથી પરંતુ માર્ક–૭/૧ થી ડૉ.કે.એચ.સોજીત્રાનું ખોડ અંગેનું પ્રમાણપત્ર રજુ થયેલ છે તે વંચાણે લેતાં, તેમાં ૪૦ ટકા ખોડ આવેલાનું લખેલ છે.આથી અરજદારને ૪૦ ટકા ખોડ આવેલાનું ઠરાવવામાં આવે છે આથી મુદ્દાનં.૧, ૨ અને ૩ તે મુજબ હકારમાં ઠરાવવામાં આવે છે.

(૮) આ કામે અરજદાર બનાવ સમયે કેટલા વર્ષના હતા અને શું પગાર હતો તે અંગે જોતાં તે પુરવાર કરવાનો બોજો અરજદારના શીરે નાખવામાં આવેલ અને તે અંગે અરજદારનો પુરાવો જોતાં બનાવ સમયે તેઓ ૪૦ વર્ષના હતા તેમજ સામાવાળા રોજના રૂ.૧૫૦/–લેખે પગાર આપતા હોવાનું જણાવેલ છે. જે અંગે પણ સામાવાળા દ્વારા ઉલટતપાસ થયેલ નથી.આમ તે હકીકત જોતાં, બનાવ સમયે મહત્તમ મર્યાદા જોતાં, મહીને રૂ.૪૦૦૦/– ગણાય તેથી તે મુજબ કમાતાં હોવાનું માનવાને કારણ રહે.આ કામે અરજદાર તરફે શાળા છોડયાનો દાખલો કે જન્મનો દાખલો રજુ કરેલ નથી પરંતુ સોંગદપરની જુબાનીમાં પોતે ૪૦ વર્ષના હોવાનું જણાવેલ છે. જેથી અરજદાર–૪૦ વર્ષના હોવાનું ઠરાવવામાં આવે છે.આથી મુદ્દા નં.૪ તે મુજબ ઠરાવવામાં આવે છે.

(૯) **<u>મુદ્દા નં. ૬ અને ૭</u> :–**મુદ્દા નં.૬ થી ૭ અરસપરસ સંકળાયેલ હોઇ તેથી પુરાવાઓનુ મુલ્યાંકન કરવામાં સરળતા રહે તેથી એકબીજા સાથે સંયુકત ચર્ચા કરેલ છે. આ કામે અકસ્માત સામાવાળાને ત્યાં ફરજ બજાવતા થયેલ અને તેવું અરજદારે પુરવાર કરેલ હોય ત્યારે વર્કમેન કોમ્પેનસેશન એકટ તળે તે અંગે વળતર ચુકવવાની જવાબદારી સામાવાળાની થાય તેમ હું માનું છું.

આ કામે બનાવ સમયે અરજદાર–૪૦ વર્ષના હતા અને પોતે રૂ ૪,૦૦૦/– કમાતા હોવાનુ ઠરાવેલ છે. ત્યારે તે પગારના ૬૦% લેખે ગણતાં રૂ ૨,૪૦૦/– થાય અને ૪૦ વર્ષના ફેકટર જોતાં **૧૮૪.૧૭** થાય તેમજ આ કામે અરજદારને જે ખોડ આવેલ તે ખોડ અંગે જોતાં, ૪૦% ખોડ આવેલ હોઇ તેથી તે અંગેની ગણતરી કરતાં અરજદાર સામાવાળા પાસેથી રૂ **૧,૭૬,૮૦૩/–** વસુલ મેળવવા હક્કદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

આ કામે અરજદારનો કેસ જોતાં સામાવાળાને નોટીસ આપેલ તેમ છતાં વળતર ચુકવી આપેલ નથી. આમ તે હકીકત જોતાં આ કામે સામાવાળા માલિક હોઇ તેથી ૫૦% લેખે પુરેપુરી પેનલ્ટી ન કરતાં ૧૦% લેખે પેનલ્ટી કરવામાં આવે તો તેથી ન્યાયનો હેતુ જળવાઇ રહે તેમ છે તેમ હું માનું છું. આથી સામાવાળાએ અરજદારને વળતરની રકમના ૧૦% લેખે રૂા. **૧૭,૬૮૦**/– ચુકવવા જવાબદાર હોવાનું ઠરાવવામાં આવે છે. વધુમાં વ્યાજ એ વળતરનો ભાગ ગણાય તેવો કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતાં અરજદાર સામાવાળાઓ પાસેથી તા. ૦૯/૦૨/૨૦૧૦ થી ૯% ના સાદા વ્યાજ સહ વળતર મેળવવા હક્કદાર હોવાનું ઠરાવવામાં

આવે છે અને આ કામે મુદ્દા નં.૬ અને ૭ તે મુજબ ઠરાવવામાં આવે છે. આમ ઉપર ચર્ચા કર્યા પ્રમાણે મુદ્દા નં.૮ અન્વયે ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

-: હુકમ :-

(૧) અરજદારની અરજી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

(૨) વધુમાં તેવો આદેશ કરવામાં આવે છે કે, સામાવાળાએ અરજદારને રૂા. **૧,૭૬,૮૦૩/-** તા.૦૯/૦૨/૨૦૧૦ થી ૯% ના સાદા વ્યાજ સહ સદરહુ હુકમ થયેથી દિન-૩૦ માં ચુકવી આપવા સારૂ અત્રેની અદાલતમાં જમા કરાવવા.

(૩) વધુમાં સામાવાળાએ અરજદારને ચુકવવાની વળતરની રકમના ૧૦% લેખે પેનલ્ટીની રકમ રૂા. **૧૭,૬૮૦**/-સદરહુ હુકમ થયેથી દિન-૩૦ માં જમા કરાવવા.

(૪) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ તા.૧૯/૦૯/૨૦૧૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**Date : 19/09/2015**
**Place : JAMNAGAR**

**MR. UTTAMKUMAR NARAYANDAS SINDHI**
**GJ00741**
Ex officio commissioner w.c.Act
LABOUR COURT,**JAMNAGAR.**